નમસ્તે આદરણીય કુલપતિ સાહેબ,

આપ સાહેબ ને જણાવવાનું કે હાલમાં જે પરીક્ષાફોર્મ ચાલી રહ્યા છે તેમાં કોલેજ ના વહિવટી સ્ટાફ દ્વારા પરીક્ષા ફોર્મ જનરેટ કરવામાં આળસાયભર્યું વર્તન કરવામાં આવી રહ્યું છે. કોલેજમાં વહીવટી સ્ટાફને તારીખ:- ૨૦-૦૯-૨૦૨૪ ના રોજ લેખિત સ્વરુપમાં spid સાથે લખીને અરજી આપી છે.. પરંતુ કૉલેજ દ્વારા અત્યાર સુધી કોઈપણ જાતનુ પરિક્ષા ફોર્મ જનરેટ કરવામાં આવ્યું નથી. કૉલેજ માં પૂછપરછ કરતા જણાવવામાં આવે છે કે પ્રોસેસમાં છે જનરેટ થઈ જશે. પરંતુ જનરેટ થતું નથી. ફોર્મ જનરેટ ના કરીને વિદ્યાર્થીઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. આવું મારા જેવા ઘણા વિધાર્થીઓ સાથે બની રહ્યું છે... સાથે સાથે અમુક વિધાર્થીઓને ઊભા ઊભા ત્યારે જ ફોર્મ જનરેટ કરી આપવામાં આવે છે... આવું કરીને વિધાર્થીઓ વચ્ચે ભેદભાવભર્યું વર્તન કરવામાં આવે છે. આપ સાહેબ દ્વારા સંપૂર્ણ પણે ઓનલાઇન પ્રક્રિયા બનાવામાં આવેલ છે કે જેના દ્વારા કૉલેજ જાતે જ પોર્ટલ પર લોગ ઈન કરીને માત્ર એક ક્લિક દ્વારા ફોર્મ જનરેટ કરી શકે છે.... આટલી સરળ પ્રક્રિયા હોવા છતાં ફોર્મ જનરેટ કરવામાં ઘોર આળસાઇ દર્શાવવામાં આવી રહી છે...

જે બાબતે યોગ્ય કાર્યેવાહી કરી તત્કાળ નિકાલ લાવવા વિનંતી છે...